સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

## યુપીએસસી સિવિલ સર્વિસીઝ પ્રિલિમ પાસ કર્યેથી મળવાપાત્ર પ્રોત્સાહન સહાય તથા મુખ્ય પરીક્ષાનાં તાલીમવર્ગ બાબત

યુ.પી.એસ.સી ધ્વારા તા.૦૮-૦૧-૨૦૨૧ થી યોજાનાર સીવીલ સર્વિસીઝ (IAS, IPS, IFS etc.) ની **મુખ્ય પરીક્ષા માટે** તૈયારી સારૂ,સ્પીપા, અમદાવાદ દ્વારા યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પ્રિલિમ પરીક્ષા ૨૦૨૦ માં સફળ થયેલા ઉમેદવારો માટે તાલીમવર્ગ વિનામૂલ્યે શરૂ કરવામાં આવેલ છે. ઉક્ત તાલીમવર્ગમાં જોડાવવા માંગતા ઉમેદવારે, તાલીમ અને લાયબ્રેરી ડીપોઝીટ પેટે રૂ.૩૨૦૦/-(રીફંડેબલ) **"SPIPA DEPOSIT AHMEDABAD"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ ધ્વારા અથવા સંસ્થા ખાતે રૂબરૂમાં કાર્ડ સ્વાઈપ કરાવીને ડિપોઝીટ ભર્યેથી ઉક્ત તાલીમવર્ગમાં જોડાઈ શકશે. તાલીમ, મોક ટેસ્ટ, લાયબ્રેરી, રીડીંગરૂમની સવલત વિનામૂલ્યે આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની ઉક્ત જણાવેલ સવલતોનો લાભ લેવા ઈચ્છતા હોય, તેવા ઉમેદવારોએ spipa.upsc@gmail.com પર આધાર પુરાવા સહિતની વિગત ઈ-મેઈલ દ્વારા આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦ માં મોકલી આપવાની રહેશે.

યુ.પી.એસ.સી. દ્વારા માહે ઓક્ટોબર-૨૦૨૦માં લેવાયેલ યુપીએસસી સીવીલ સર્વિસીઝ પ્રિલિમ પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવાર કે જેઓ ગુજરાતનાં ડોમીસાઈલ હોય તેવા તમામ યુવક/યુવતી ઉમેદવારોને **સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રોત્સાહન સહાય સ્પીપા ધ્વારા** આપવામાં આવશે. **(પુરૂષ ઉમેદવારોને રૂ!.૨૫,૦૦૦/- અને મહિલા ઉમેદવારોને રૂ!.૩૦,૦૦૦/-)** જે લાભાર્થીઓએ ઉક્ત સહાય મેળવવાની હોય તે લાભાર્થીઓએ https://digitalgujarat.gov.in/ પર Student Corner – Scholarship માં જઈ, Search online services માં Prelim લખીને GO પર ક્લિક કરવાથી "For Candidates who have cleared Prelim Examination of Civil Services Examination conducted by UPSC & selected for Mains Examination" યોજનાના નામ પર ક્લિક કરવાથી Instruction મેનુ ખુલશે તેમાં Apply Online પર ક્લિક કરવાથી Citizen login માટેની નવી વિંડોમાં Click For New Registration (For Citizen) પર રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે, તે કર્યા બાદ Citizen login માં login થઈ, ઓનલાઈન અરજી તથા જરૂરી તમામ ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.ઓનલાઈન અરજી તા.૧૯-૧૧-૨૦૨૦ થી તા.૨૦-૧૨-૨૦૨૦ સુધીમાં (રાત્રે ૧૧.૫૯ કલાક સુધીમાં) કરવાની રહેશે. જે કર્યા બાદ સ્ટાઈપેન્ડ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે. તા.૨૦-૧૨-૨૦૨૦ બાદ કોઈ ઉમેદવારની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

sd/-
નાયબ મહાનિર્દેશક
સ્પીપા, અમદાવાદ.

ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૧૮-૧૯/મુખ્ય પરીક્ષા-તાલીમવર્ગ/૦૫/સ્ટડી તા. ૧૯-૧૧-૨૦૨૦

Scanned by CamScanner